ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date : 27th May, 2017

પ્રતિ,
તંત્રી શ્રી,
.................................................................................,
ભાવનગર.

## શહેરમાં પ્રથમ વખત **પર્યાવર્ણીય વેશભૂષા** કાર્યક્રમ સાથે ઉજવાશે વિશ્વ પર્યાવરણ દિવસ

ભાવનગર શહેરની જનતાને મહારાજા શ્રી તખ્તસિંહજી ગોહિલની દુરંદેશી અને તેના દ્વારા આપવામાં આવેલ પર્યાવરણ પ્રેમના વારસાને ફરીથી જાગૃત કરવાના હેતુથી ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી - ભાવનગર અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે ૫મી જુન પર્યાવરણ દિવસની ચતુર્વિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે.

જેના અનુસંધાને "પર્યાવરણ સાથે માણસોને જોડવા" (Connecting People to Nature) વિષય પર ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને પર્યાવર્ણીય વેશભૂષા સ્પર્ધાનું આયોજન મોતીબાગ ટાઉન હોલ, ભાવનગર ખાતે તા.૦૫/૦૬/૨૦૧૭, સોમવારના રોજ સવારના ૦૮:૦૦ થી બપોરના ૧૧:૩૦ દરમ્યાન કરવામાં આવનાર છે. ઉપરાંત સવારના ૧૦:૩૦ કલાકથી અટલ બિહારી બાજપાયી ઓપન એર થીએટર ખાતે **ઘન કચરો દુર કરી પર્યાવરણ બચાવવા માટે પ્રતિજ્ઞા** વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

**૧. ચિત્ર સ્પર્ધા** કુલ ત્રણ વિભાગમાં યોજાશે. જેમાં પ્રથમ વિભાગમાં ૧ થી ૧૨ વર્ષના, બીજા વિભાગમાં ૧૩ થી ૨૨ વર્ષના અને ત્રીજા વિભાગમાં ૨૩ વર્ષથી મોટી ઉમરના કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકશે. પ્રત્યેક વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ કુલ મળીને ૯ (નવ) ઇનામો આપવામાં આવશે.

**૨. નિબંધ સ્પર્ધા**માં ભાગલેવા ઈચ્છુક લોકોએ સ્વહસ્તાક્ષરે A4 સાઈઝના કાગળમાં ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં ઉપરોક્ત વિષય પર સુવાચ્ય અક્ષરે નિબંધ લખીને **તા.૩૦મી મે, ૨૦૧૭ સુધીમાં નિમ્ન લિખિત સરનામે જમા કરવાનો** રહેશે. નિર્ણાયકશ્રીઓ દ્વારા વિષય વસ્તુ, માળખાગત વિવરણ / રજૂઆત, અક્ષર સ્વચ્છતા, વિષય સબંધિત સુવાક્યો / કવિતા વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરવામાં આવશે.



https://www.facebook.com/krcsc.bhavnagar https://twitter.com/KalyanRCSC
https://in.linkedin.com/pub/kalyan-regional-community-science-center/a3/a44/875

૩. પર્યાવરણીય વેશભૂષા સ્પર્ધા માટે "પર્યાવરણ સાથે માણસોને જોડવા" વિષય આધારિત માનવના પર્યાવરણ સાથેના જોડાણને સમજાવતા પોષક પહેરીને સ્પર્ધકે ભાંગ લઈ પોતાની વેશભૂષા અંગે ૨ મીનીટમાં રજૂઆત કરવાની રહેશે. દરેક સ્પર્ધામાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર સ્પર્ધકને રોકડ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવશે. ઉપરાંત ભાગ લેનાર તમામ સ્પર્ધકને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

૪. ઘન કચરો દુર કરી પર્યાવરણ બચાવવા શપથ વિધિ કાર્યક્રમમાં શહેરના અગ્રણીય નાગરીકો, મહાનુભાવો, ચુટાયેલા પ્રતિનિધિઓ, સંસ્થાઓ, મંડળો, સરકારી કચેરીઓ, વિવિધ ઉદ્યોગો તથા જાહેર જનતા વગેરે જોડાઇને પર્યાવણ બચાવ અભિયાન ને આગળ ધપાવશે.

ઉપરોક્ત સ્પર્ધાઓમાં રસ ધરાવનાર વ્યક્તિઓને ભાગ લેવા માટે તા.૩૦મી મે, ૨૦૧૭ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. રજીસ્ટ્રેશન માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં. ૨૨૦૬/એ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, સંસ્કાર મંડળ, ભાવનગર (ફોન નં. ૦૨૭૮ ૨૫૭૦૧૧૧ / ૧૧૦) ખાતે સવરે ૧૦ કલાકથી સાંજે ૫ કલાક દરમ્યાન રુબરૂ સંપર્ક કરવાનો રહેશે. ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી - ભાવનગર અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના પદાધિકારીઓ દ્વારા જાહેર જનતાને "પર્યાવરણ સાથે માણસોને જોડવા" વિષયને ચરીથાર્થ કરવા જાહેર નિમંત્રણ પાઠવેલ છે. જે બાબતો લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

27.5.17

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.